1. દ્વિતીય વિશ્વયુધ્ધને અંતે જર્મનીની શી વ્યવસ્થા કરવામાં આવી ?

- દ્વિતીય વિશ્વયુધ્ધને અંતે પરાજિત જર્મનીને ચાર વહીવટી વિસ્તારોમાં વહેંચવામાં આવ્યું. તેમાં પૂર્વ જર્મની પર રશિયાનો, નૈઋત્ય જર્મની પર અમેરિકાનો , ફ્રાન્સની નજીકના પ્રદેશ પર ફ્રાન્સનો તથા બેલ્જિયમ અને હોલેન્ડની સરહદોને સ્પર્શતા પ્રદેશો પર ઈંગ્લેન્ડનો અંકુશ રાખવાનું નક્કી કરવામાં આવ્યું. એ જ પ્રમાણે જર્મનીના પાટનગર બર્લિન શહેરને પણ ચાર વહીવટી વિસ્તારોમાં વહેંચી દઈ તેના પર ચાર મહાસત્તાઓનો વહીવટ સ્થાપવામાં આવ્યો.

2. દ્વિતીય વિશ્વયુધ્ધનું તાત્કાલિક પરિબળ કયું હતું? .

- જર્મનીના સરમુખત્યાર હિટલરના નાઝી સૈનિકોએ 1 સપ્ટેમ્બર, 1939ના રોજ પોલેન્ડના પ્રદેશો ડાર્ક્વિંગ બંદર અને પોલિશ પટ્ટી પર આક્રમણ કર્યું. બ્રિટન અને ફ્રાન્સ યુધ્ધ બંધ કરવા ચેતવણી આપી. પરંતુ જર્મનીએ તેની ઉપેક્ષા કરતાં બ્રિટન અને ફ્રાન્સે આ યુધ્ધમાં પ્રવેશ કર્યો. એટલે દ્વિતીય વિશ્વયુધ્ધની શરૂઆત થઈ.